# ગુજરાત સાથે દુશ્મન જેવું વર્તન કેન્દ્ર કરે છે : મોદી

## શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં વિવેકાનંદ યુવા વિકાસ પરિષદમાં મુખ્યપ્રધાનનું પ્રેરણાદાયી આહવાન

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લોકતંત્રના આધારસ્થંભ એવા રાજ્યોને નબળા રાખવા અને ગુજરાત જાણે દુશ્મન દેશનું રાજ્ય હોય એવો રાજકીય દ્વેષભાવનો વ્યવહાર કરવા માટે આજે કેન્દ્ર સરકાર સામે આક્રોશ વ્યક્તિ કર્યો હતો.

આઝીદી પર્વની રાજ્યકક્ષાની ઉજવણી પ્રસંગે ભૂજમાં સ્વામિ વિવેકાનંદ વિકાસ પરિષદમાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે હિન્દુસ્તાનનું મજબુત રાજ્યોના સ્થંભો ઉપર ઉભેલું લોકતંત્ર છે. આ રાજ્યસ્થંભો મજબુત હશે તો જ દેશ મજબુત બનશે અને કોઈ રાજ્યને નબળું રાખવાની માનસિકતાથી ભારતમાતા નબળી રહેશે. જે લોકો દિવસરાત ગુજરાતને બદનામ કરવાના પેંતરા રચે છે અને ગુજરાત ઉપર જૂઠાણા ફેલાવે છે તેમને ચેતવણી આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે દિલ્હીના શહેનશાહોએ સમજી લેવું જોઈએ કે ડિસેમ્બર ૨૦૧૨માં ગુજરાતની જનતાની કસોટીમાં અમે ડિસ્ટીકશન સાથે પાસ થયા છીએ.

હવે તો ૨૦૧૪માં તેમણે જનતાને હિસાબ આપવાનો છે. તમે શું કર્યું કોના માટે કોણે કોણે કેવી રીતે કેટકેટલું કર્યું એ હવે દેશની જનતા જાણે જ છે, એમ તેમણે માર્મિક શબ્દોમાં જણાવ્યું હતું. દેશમાં એક તરફ નિરાશાનું વતાવરણ છે ત્યારે બીજી બાજુ ગુજરાત આશાના સપના લઈને સંકલ્પબદ્ધ છે, એમ તેમણે ઉમેર્યું હતું.


૧૯ વર્ષથી ઉપનો કોઈ યુવન, મતાદાતા તરીકેની નોંધણીથી વંચિત રહેવો ના જોઈએ એવું આહવાન કરતાં નરેન્દ્ર મોદીએ મતદાન તરીકે પ્રયેક નવયુવાને ૧૯ વર્ષે મતાધિકાર મેળવી લેવો જે જોઈએ અને ૧૯ વર્ષથી ઉપરના કોઈપણ વ્યકતિને મતદાતા બનાવવાનો કર્તવ્યભાવ જગાવવા અપીલ કરી હતી. સ્વાતંત્ર દિવસની પૂર્વસંધ્યાએ કચ્છ જિલ્લામાં આઝાદી પર્વ રાજ્યકક્ષાની ઉજવણી નિમિત્તે આજે કચ્છ યુનિવર્સિટી પટાંગણમાં સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ પરિષદ યોજવામાં આવી હતી. કચ્છની વિશાળ યુવાશક્તિનું અભિવાદન કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે રાષ્ટ્રજીવનમાં આઝાદી જંગના ઈતિહાસ પ્રત્યેક ઘટનાનો પેઢીઓ સુધી આગવો મહિમા હોય છે. નવા ઈતિહાસના અંકુર એમાંથી ફુટતા હોય છે અને ભારતની આઝાદીનું પર્વ વિકાસનું પર્વ બનાવી દીધું છે એમાં જનશક્તિને જોડી છે. આ સરકારે વિકાસની કાર્ય સાથે જનશક્તિનું લોકશિક્ષણ પણ જોડી દીધું છે, એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કચ્છ જિલ્લામાં આઝાદી પર્વને વિકાસના પર્વ તરીકે ઉજવવામાં રૂા. ૮૪૦ કરોડના ૪૮૦૦૦ વિકાસ કામોના લોકાર્પણ ખાતમુર્હુતના કામો સંપન્ન થયા છે.

# દેશવાસી કર્તવ્યપથ પર શ્રેષ્ઠ ભારતનું સપનું ચરિતાર્થ કરે

## ૬૭માં આઝાદી પર્વ નિમિત્તે મુખ્યપ્રધાનનો ગુજરાતના નાગરિકો જોગ પ્રેરક સંદેશ : વિકાસ, કુપોષણ, રોજગારી અને શિક્ષણ સહિતના પ્રશ્નો ઉઠાવ્યા

અમદાવાદ, તા.૧૪

ગુજરાતનામુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૬૭માં આઝાદી પર્વનાં પાવન પ્રસંગે ગુજરાતના નાગરિકોને હાર્દિક શુભેચ્છા પાઠવતા ભારતમાતા જગદગુરૂના સ્થાને બિરાજમાન થાય એ રીતે ભારતનો તિરંગો એની આન-બાન-શાન સાથે લહેરાતો રહે એ માટે નાગરીક કર્તવ્યપથ ઉપર આગળ વધે એવું પ્રેરક આહવાન કર્યું હતુ. મોદીએ તેમના ભાષણમાં તમામ મુદ્દાઓ ઉઠાવ્યા હતા જેમાં વિકાસ, શિક્ષણ, રોજગારી, મહિલા સશક્તિકરણ, કુપોષણ, યુવાનોમાં હાલમાં ફેલાયેલી નિરાશાનો સમાવેશ થાય છે. મોદીએ કહ્યુ હતુ કે યુવાનોમાં હાલ નિરાશાનું વાતાવરણ છે અને વિશ્વાસનું વાતાવરણ પેદા કરવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યુ હતુકે દેશની જનસંખ્યા ૬૫ ટકા કરતા વધારે યુવાનોની છે ત્યારે દેશને નિરાશ થવાનું કોઈ કારણ નથી. કુપોષણની સામે ગુજરાતે જંગ છેડ્યો છે. છેલ્લા પાંચ-છ વર્ષથી સતત મહેનતથી હવે સફળતા હાથ લાગી છે. લોકશિક્ષણનું કામ ખુબ જરૂરી બની ગયુ છે. રોજગારીનો પ્રશ્ન પણ ખુબ મહત્વપૂર્ણ છે. મોટા પ્રમાણમાં રોજગારીના પ્રયાસોની વાત પણ તેમણે કરી હતી. યુવા પેઢી તરફ વિશેષ ધ્યાન આપવા તરફ વાત તેમણે કરી હતી. સ્કીલ ડેવલોપમેન્ટ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. એક ભારત-શ્રેષ્ઠ ભારતનો મંત્ર આપતા મુખ્યમંત્રીએ ગુજરાતની વિકાસયાત્રાને સુરાજયની સાચી દિશાથી જનકલ્યાણની યાત્રા ગણાવી છે. મુખ્યમંત્રીનો સંદેશો આ પ્રમાણે છે. ગુજરાતના વ્હાલા નાગરીક ભાઈઓ અને બહેનો, આઝાદીના પાવન પર્વે આપ સૌને કોટી કોટી વંદન શુભકામનાઓ અને વંદેમાતરમ્ લગભગ સાડા છ દાયકા કરતાં પણ વધારે સમય આપણે આઝાકીની આબોહવામાં વિતાવ્યો છે. આ દેશના અનેક મહાપુરૂષોએ આઝાદી અપાવવા માટે ખૂબ મોટી લડાઈ લડી, અનેક દૂધમલ યુવાનોએ જાનની



બાજી લગાવી દીધી, અનેક જવાનીયાઓએ, જવાની જેલમાં ખપાવી દીધી અનેક યાતનાઓ સહી, અનેક કષ્ટ વેઠ્યા, કુટુંબના કુટમ્બ ઉજળી ગયા. એમાંથી આપણને આઝાદી પ્રાપ્ત થઈ છે. એ આઝાદીનું મુલ્ય અદકેરૂ છે. દેશ ગુલામ થયો ત્યારથી, હજાર બારસો વર્ષ સુધી, આ દેશ સતત સંઘર્ષ કરતો આવ્યો છે. કોઈને કોઈ રૂપમાં લડતો આવ્યો છે. એ સંઘર્ષ યાત્રાથી ૧૯૪૭માં આપણે આઝાદીના ફળ ચાખ્યા. એક મોટી પેઢી એવી છે, આ દેશમાં, જેણે ના તો ગુલામી જોઈ છે, ના ગુલામીની યાતનાની કલ્પના છે. હું પણ એ પૈકીનો એક છું. મારો જન્મ આઝાદી પછી થયો અને તેથી ગુલામીના કાળના દિવસોની વાત આજે પણ જ્યારે સાંભળીએ ત્યારે કાળજું કંપી જાય છે. આઝાદીનું મહત્વ શું હોય છે એ ત્યારે આપણને સમજાય છે. પણ કમનસીબે આઝાદીની સાથે અધિકાર ભાવનો અતિરેક થઈ ગયો. કર્તવ્યભાવ ધીરેધીરે લોપ થવા લાગ્યો. કોઈપણ લોકશાહી, કોઈપણ વ્યવસ્થા, કોઈપણ પ્રજાજીવન, ક્યારેય કર્તવ્યભાવ વગર આગળ ધપી જ ન શકે.

# આદર્શ નિવાસી શાળામાં રંગોળી, મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૧ ૩માં આવેલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કન્યા શાળમાં તાજેતરમાં રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, કેશ ગૂંફન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને આરતી સુશોભન સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં



આવ્યું હતું. શાળાની ૧૭૪ વિદ્યાર્થીનીઓએ સુંદર મહેંદી, ચિત્ર, આરતી સુશોભન કરી પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવ્યો હતો.

આદર્શ નિવાસી શાળા (અ.જા.ક.) સે-૧ ૩માં વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે સતત અભ્યાસ અને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. શાળામાં બે દિવસ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કેશ ગૂંફનમાં ૮, ચિત્રમાં ૬૬, આરતી સુશોભનમાં ૨૯, રંગોળીમાં ૪૩ અને મહેંદીમાં ૨૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કેશ ગૂંફનમાં પ્રથમ આસોડિયા પ્રિયંકા, દ્વિતીય ડોરિયા ભૂમિકા તૃતીય વાઘેલા કિંજલ અને સોલંકી જાગૃતિ, આરતી સુશોભનમાં પ્રથમ ઠુમ્મર બંસી, દ્વિતીય આસોડિયા પ્રિયંકા, તૃતીય ચાવડા દિપાલી અને જાદવ જયોતિ, ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સિંગલ પ્રિયંકા, દ્વિતીય ચાવડા દિપાલી અને જાદવ જયોતિ, ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સિંગલ પ્રિયંકા, દ્વિતિય સોલંકી જાગૃતિ, તૃતીય ઠુમ્મર બંસી, રંગોળીમાં પ્રથમ પરમાર પૂજા, દ્વિતીય પરમાર નિકિતા, તૃતીય પરમાર અંજના તથા મહેંદીમાં પ્રથમ સોલંકી ગાયત્રી, દ્વિતીય પરમાર આરતી, તૃતીય ડામોર લીલાએ ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

વિદ્યાર્થીનીઓને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવ્યા હતા. બે દિવસ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષિકા એ.જે. પરમાર અને આર.આર. ગુપ્તાએ જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્યએ સૌને અભિનંદન આપ્યા હતા. સર્વ સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.



## લીઓ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

લીઓ ક્લબ ઓફ ગાંધીનગર તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના ઉપક્રમે બોરીજ ગામની પ્રાથમિક શાળામાં વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ નેત્ર નિદાન કેમ્પમાં તબીબો દ્વારા કુલ ૨૧૮ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને મોતિયાના દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં ઓપરેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ આંખોના નંબરની પણ ચકાસણી કરી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લીયો ક્લબના પૂર્વ પ્રમુખ સિતાંગ વોરા, રશ્મિન પ્રજાપતિ અને લીઓ ક્લબના સહયોગથી રાહતદરે ચશ્માનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે રાજ ગૌડા, નિરમલ અડાલજા અને કથન ત્રિવેદી, પ્રવિણ પટેલ અને અશ્વિન વ્યાસ સહિત ક્લબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાં ખુલ્લી ડીપીથી અકસ્માતનો ભય

ખેડબ્રહ્મા, તા.૧૪

ખેડબ્રહ્મામાં પેટ્રોલ પંપ ત્રણ રસ્તા પાસેની યુજીવીસીએલની ડીપી જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે નં. નવ ઉપર પેટ્રોલ પંપ ત્રણ રસ્તા પાસેની એક ખાડો કરી રાખ્યો છે જે જોખમમાં વધારો કરે છે. સ્ટેટ હાઈવેને લઈ તથા વેપારીઓની



તથા ફયુઝબોક્ષ ખુલ્લા હોવાથી લોકોને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે આ ડીપીની આજુબાજુ જાળી નાખી ડીપી કવર કરવામાં આવે તેવી લોકોની માંગણી છે.

ખેડબ્રહ્માના હસમુખલાલ ટી. મોદી-દેવીસિંહ આઈ. સોલંકીના યુજીવીસીએલની ખુલ્લી ડીપી તથા ફયુઝ બોક્ષના કારણે અકસ્માત થવાની સંભાવના છે આ ડીપીમાંથી તાજેતરમાં જ તણખા પડયા હતા. ખુલ્લા ફયુઝ બોક્ષ અને તેના વાયરથી લોકોના જીવનું જોખમ ઉભું થઈ શકે છે વળી આ ડીપી પાસે ઘણા સમયથી દુકાનોને લઈ વાહન વ્યવહાર તથા લોકોથી આ રોડ આખો દિવસ ધમધમતો રહે છે. લોકોની અવરવજરથી ભરચક આ વિસ્તારમાં આવેલી આ ડીપી જોખમકારક સાબિત થાય તે પહેલાં ડીપીની આજુબાજુ જાળી નાંખવી જરુરી છે.

## સે-૭/ડી શહેરીજન સંસ્થા તથા ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળની વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૭-ડી શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની વાર્ષિક સાધારણ સભા ૧૮મી ઓગસ્ટ ૨૦૧૩ને રવિવારના રોજ બપોરે ત્રણ કલાકે ચૌધરી શાળાના હોલમાં પ્રમુખ જયંતભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ છે. જેના મુખ્ય એજન્ડા તરીકે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવું, ૭૫ વર્ષ પુરા કરનાર વયસ્કોનું બહુમાન શાલ ઓઢાડી કરવામાં આવશે. નવી કારોબારીની રચના કરવામાં આવશે તેમજ સંસ્થાના વાર્ષિક હિસાબો રજુ કરવામાં આવશે.

## ખેડબ્રહ્મા મામલતદાર દ્વારા આપવામાં આવેલ નવીન બારકોડેડ રેશનકાર્ડમાં છબરડા

### કાર્ડમાં સુધારો કરાવવા નાગરિકો રોજ ધરમના ધક્કા ખાય છે

ખેડબ્રહ્મા, તા. ૧૪


ખેડબ્રહ્મા મામલતદાર કચેરી દ્વારા ગામના રેશનિંગ કાર્ડ ધારકોને આપવામાં આવેલા નવીન બારકોડેડ રેશનકાર્ડમાં ભારે છબરડા થઈ રહ્યા છે અને કાર્ડમાં રેશનકાર્ડ ધારકનું નામ ખોટુ અને અન્ય વિગતો ખોટી દર્શાવવામાં આવતા નાગરિકોને રોજ મામલતદાર કચેરીમાં ધરમના ધક્કા ખાવા પડે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા મામલતદાર કચેરી દ્વારા છેલ્લા દોઢ વર્ષથી ગામના રેશનકાર્ડ ધારકોને નવી ટેકનોલોજી સાથેના નવા બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવી રહ્યા છે. જેમાં કાર્ડધારકોના આખેઆખા નામ જ બદલાઈ ગયા છે. તો કેટલાકના સરનામા અને તાલુકા તેમજ જિલ્લાના નામ પણ તદ્દન ફેરફાર થઈ ગયા છે અને આ ફેરબદલીમાં સુધારો-કરવા માટે કેટલાક એજન્ટો કાર્ડ ધારકો પાસેથી ખુલ્લેઆમ રૂ. ૨૦નું ઉઘરાણું કરી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. અને દૂર દૂરના ગામડાઓમાંથી આવતા નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને બારકોડેડ રેશનકાર્ડમાં સુધારો કરવા બદલ નવીન ફોર્મ ભરવા અને બાદમાં અધિકારીઓ રોજ ધરમના ધક્કા ખવડાવી રહ્યા છે. આથી નાગરિકોએ ભારે રોષ વ્યક્ત કર્યો છે.

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગણેશોત્સવ ઉજવાશે

જ્યોતિ મહિલા મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૪૪માં ગણેશોત્સવની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશોત્સવ અંતર્ગત તા. ૧૨ સપ્ટેમ્બર-૨૦૧૩ને શનિવારના રોજ ભજન સ્પર્ધા અને જમવાની થાળીમાં ધાનથી રંગોળી સજાવાની સ્પર્ધા યોજવામાં આવી છે. સેક્ટર-૨૨ રંગમંચ ખાતે યોજાનાર આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બહેનોએ ૧૨મી સપ્ટેમ્બરના રોજ બપોરે દોઢ વાગે હાજર રહેવું તેમજ રંગોળી સ્પર્ધા માટે થાળીમાં રંગોળી ઘરેથી સજાવીને લાવવાની રહેશે. તેમજ ભજનમાં સાથે ઢોલક તથા ખંજરી કે મંજીરાનો ઉપયોગ કરી શકશે. (વાંજીત્રો ફરજીયાત નથી) સ્પર્ધક બહેનો સ્પર્ધાના દિવસે રજીસ્ટ્રેશન કરાવાનું હોવાથી વહેલા આવવાનું રહેશે. મોડા આવનાર બહેનો કે મંડળોને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહિ. મહિલા સંસ્થાઓ, ભજન મંડળોને સ્પર્ધા નિહાળવા માટે જ્યોતિ મંડળના પ્રમુખ લતાબેન ચોકસીએ આમંત્રણ પાઠવ્યું છે.

## શબ્દાવલી - ૫૧૫૦



### આડી ચાવી

૧. મરેલાને જીવતા કરવાની ઓષધી લક્ષ્મણજી માટે હનુમાનજી લાવેલા (૬)
૮. દેખરેખને હિન્દીમાં... કહેવાય (૪)
૧૨. ન્યાયાધીશ (૨)
૧૩. નોકર-ચાકર (૪)
૧૬. 'ભજન'શબ્દ આડોઅવળો (૩)
૧૭. હાલરડું (૨)
૧૮. રહસ્ય, હકુમત (૨)
૧૯. શીશો, આયનો (૨)
૨૦. કાંસુ (૨)
૨૧. સોનું, સુવર્ણ (૩)

### ઊભી ચાવી

૧. તૃપ્તિ (૩)
૨. હિન્દુ ધર્મનું પૂજનીય વૃક્ષ (૩)
૩. અધમ, હિણુ (૨)
૪. ડાકુઓ મોં પર બાંધે (૩)
૫. જનેતા, મા (૩)
૭. રીસાવાના અર્થમાં દુ:ખી (૩)
૯. આશ્ચર્ય (૩)
૧૦. ... ત્યાં જંપ (૨)
૧૧. ગ્રહો પ્રમાણે જોવાતું ભાવિ (૫)
૧૩. ગોળ ચક્કર મારવું, ... લેવો (૪)
૧૪. જંગલ, વન (૨)
૧૫. અબરખ જેવા ચમકતા કણો (૨)
૧૭. આંખ, ચક્ષુ (૩)
૧૯. કાગડો (૨)

### શબ્દાવલી ૫૧૪૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરભર (૩) અમર (૬) સંપાદક (૭) માવતર (૮) સબુર (૧૦) તક (૧૧) મસલત (૧૩) વાદી (૧૪) પડાવ (૧૬) મલક (૧૯) ટચ (૨૦) દમદાટી

**ઊભી ચાવી :-** (૧) સરકસ (૨) ભરમાર (૩) અપાર (૪) પદ (૫) રકઝક (૬) સંતલસ (૯) બુઝદીલ (૧૦) તતડાટ (૧૧) મધ (૧૨) લપ (૧૩) વામન (૧૫) વચન (૧૭) કદ (૧૮) ગદા

## ધનસુરામાં ૩ ઈંચ વરસાદ અંતિસરા ગરનાળુ તુટી જતા ટ્રાફિક જામ

ધનસુરા તાલુકામાં ગતરાત્રીથી સતત વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં ઢીંચણસમા પાણી ભરાઈ ગયા છે. ધનસુરા મોડાસા રોડ પર આવેલ અંતિસરા ગરનાળુના ડાયવર્ઝનમાં ગાબડુ પડ્યું હતું. જેથી મોડી રાત્રે આ માર્ગ બંધ કરવાની ફરજ પડી હતી. જેથી ધનસુરા માર્ગ પર વાહનોની લાંબી કતાર જોવા મળી હતી. જ્યારે અત્યારે અમદાવાદ તરફ જતાં તાજપુરના પૂલમાં ગાબુ પડતા વાહનચાલકોને ૧૦ કિ.મી. જેટલું અંતર કાપીને ફરીને જવાની ફરજ પડે છે. જ્યારે વરસાદના કારણે અંતિસરા ડાયવર્ઝન તુટી જતાં વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અને કલાકો સુધી ટ્રાફિક જામ થતા લોકો રસ્તામાં અટવાઈ પડે છે.

## કંપની સમાચાર

### ગુજરાતી ચલચીત્ર "મા-બાપના આશીર્વાદ" ગુજરાતમાં રજૂ થશે

તા. ૧૬.૦૮.૨૦૧૩ના શુભ દિવસે મા-બાપના આશીર્વાદ લઈને આવી રહ્યા છે, નિર્માતા સંજય શાહ (જેકી) અને આત્મારામ ઠાકોર એક આદર્શ ગુજરાતી ચલચિત્ર 'મા-બાપના આશીર્વાદ'. આત્મારામ ઠાકોર - ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં ખુબ જ જાણીતું નામ ઈ.સ. ૧૯૮૪ થી ફિલ્મક્ષેત્રે લેખક દિગ્દર્શક અને નિર્માતા તરીકે કાર્યરત.

છેલ્લા ૩૦ વર્ષોથી માત્ર ફિલ્મ, ફિલ્મ અને ફિલ્મમાં જ ગળાડૂળ એવા સફળ, સંદવેનશીલ અને હંમેશા નવા વિષય અને નવા પ્રકારની રજૂઆત સાથે અગ્રેસર રહેતા આત્મારામ ઠાકોરે લગભગ ૬૦ પિક્ચર ફિલ્મોમાં મુખ્ય સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યા પછી સ્વતંત્ર દિગ્દર્શક તરીકે ઈ.સ. ૧૯૯૬માં સૌ પ્રથમ ફિલ્મ પરદેશી મણીયારો લઈને આવ્યા જેનું ગુજરાત સૌરાષ્ટ્રનાં પ્રેક્ષકોએ ભાવભીનું સ્વાગત કરી ફિલ્મને સુપર હીટ બનાવી. જેમાંથી મા-બાપને ભૂલશો નહીં ફિલ્મને ઓસ્કાર સ્કીનીંગ કમીટીએ રીઝનલ કેટેગરીમાં નોમીનેશન માટે ચેન્નાઈમાં સ્કીનીંગ કર્યું પદ ઉપરાંત આજ ફિલ્મ માટે આત્મારામ ઠાકોરને ગુજરાત સરકારે સેકન્ડ બેસ્ટ ડાયરેકટરનો એવોર્ડ આપ્યો.

## ધનસુરા તાલુકામાં અકસ્માતમાં બે ના મોત

ધનસુરા, તા. ૧૪

ધનસુરા તાલુકાના રમાણા ગામમાં રહેતા કાળીબેન વાલાભાઈ ભરવાડ ખેતરમાં ઢોર ચરાવવા ગયા હતા ત્યારે બાજુમાં આવેલા વાંઘામાં અકસ્માતે પગ લપસી જતાં પાણીમાં ડુબી જવાથી મોત નિપજ્યુ હતુ. બનાવની જાણ મુકેશ વાલાભાઈ ભરવાડે પોલીસને કરતાં ધનસુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવમાં ધનસુરાના હીરાપુર ગામમા રહેતા લક્ષ્મીબેન મેલાભાઈ નામની ૧૯ વર્ષીય યુવતી આકસ્મિક કુવામાં પડી જતા પાણી પી જવાથી તેણીનું મોત નિપજ્યું હતું. ધનસુરામાં જાણે યમરાજાનો પડછાયો હોય તેમ બે દિવસમાં પાંચ અકસ્માતમાં ૫ વ્યક્તિના મોત થયા છે ત્યારે પંથકમાં ભારે ઘેરાશોકની લાગણી ફેલાઈ છે.

## નવી બસો દોડશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નરોડા કૃષ્ણનગર ખાતેથી નિગમના અધ્યક્ષ બી.એચ. ઘોડાસરા દ્વારા પ્રથમ તબક્કામાં ૨૫ બસો મુકવામાં આવશે. વિકાસરૂટની બસની ડિઝાઈન અને કવર જોઈને બસ ગાંધીનગર માટેની હોવાની ઓળખ પણ પ્રવાસીઓને સ્પષ્ટ રીતે થઈ શકશે. ૪૪ જેટલા મુસાફરોને સમાવી શકે તેવી ટુ બાય ૩ ની બસમાં આરામદાયક બેઠક વ્યવસ્થા એલ.સી.ડી. સ્કીન, હવાની અવરજવર માટે વેન્ટીલેટર લોરસ પ્લેટ, વિશેષ પ્રકારની લાઈટીંગ લગેજ મુકવા આકર્ષક હેડરેક સહીતની સુવિધાઓ મુસાફરો માટે ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત બસમાં ૨૦ જેટલા મુસાફરો આરામદાયક રીતે ઉભા રહી શકે તેવી મોકળાશભરી જગ્યા પણ રાખવામાં આવી છે.

### જાહેર નિવિદા

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી સે. ૩૦, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન યોજવામાં આવનાર પ્રવૃત્તિઓ માટે ગણવેશ, વાહન, પ્રીટીંગ, સ્ટેશનરી, ભોજન, લાઈટ, માઈક, મંડપ, પાણી, મેદાન સાધન વગેરે પુરા પાડવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી ટેન્ડર ફોર્મ મેળવી શરતોને આધિન ભરીને જાહેરાત પ્રસિદ્ધ થયાના દિવસથી ૨૩/૮/૨૦૧૩ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

જિલ્લા રમતગમત અધિકારી
માહિતી/૯૯૫/૧૩/૧૪ ગાંધીનગર


પ્લાસ્ટીક મુક્ત પાલનપુર સ્વચ્છ પાલનપુર

## પાલનપુર નગર સેવા સદન, પાલનપુર

### પાલનપુરના નગરજનોને સ્વાતંત્ર્ય દિનની હાર્દિક શુભેચ્છાઓ

આવો આપણે સૌ સાથે મળી સ્વાતંત્ર્ય દિને સંકલ્પ લઈ આટલુ તો અવશ્યક કરીએ

ઘર, દુકાન કે ઓફિસનો કચરો તેમજ પાણી કે અન્ય પ્રકારના પાઉચ પ્લાસ્ટીકની થેલીઓનો કચરો જ્યાં ત્યાં ના ફેંકતા ટોપલીમાં એકત્રીત કરી નગરપાલિકાએ મુકેલ કન્ટેનરમાં કચરો નાખી તેનો યોગ્ય નિકાલ કરી સહકાર આપો.

પોતાની માલિકીમાં કરેલ બિન અધિકૃત બાંધકામને તા. ૧૯/૮/૨૦૧૩ સુધીમાં ફોર્મ ભરી અધિકૃત કરાવી અમુલ્ય તકનો લાભ લઈ સહકાર આપો.

જળ જીવનનું અણમોલ રતન છે તેનો બચાવ કરવો જોઈએ.

નગરપાલિકામાં નિયમિત વેરા ભરીને અને શહેરના સર્વાંગી વિકાસમાં સહભાગી બનીએ.

"આપના સહકારની અપેક્ષાસહ..."

**યુ.ડી. સિન્ધા** મુખ્ય અધિકારી
**અનિલ જે. ચક્રવર્તિ** ચેરમેન સેનીટેશન કમિટિ
**રંજનબેન પ્રજાપતિ** ચેરમેન કારોબારી સમિતિ
**અમૃત સી. જોષી** ઉપપ્રમુખ
**હસમુખભાઈ એમ. પઢીયાર** પ્રમુખ

તથા નગરપાલિકાના સદસ્યશ્રીઓ

**નગરપાલિકા પાલનપુર**